# ઊંઝા પાસે હાઈવે પર એમ્બ્યુલન્સમાં અચાનક આગ : કોઈ જાનહાની નહિ



ઊંઝા, તા. ૨૬

આજે ઊંઝા નજીકના ઉનાવા હાઈવે પર પાલનપુરથી મહેસાણા તરફ જઈ રહેલ એમ્બ્યુલન્સ ગાડીમાં અચાનક આગ લાગતાં ગાડી બળી જતાં નુકશાન થયું હતું. સદનસીબે એમ્બ્યુલન્સમાં સવાર દર્દી, ચાલક કે અન્ય વ્યક્તિને કોઈ જાનહાનિ થઈ ન હતી. વિગત એવી છે કે આજે સવારના સમયે પાલનપુરથી એક એમ્બ્યુલન્સ ગાડી દર્દીને લઈને મહેસાણા તરફ જઈ રહી હતી ત્યારે માર્ગમાં ઉનાવા નજીક હાઈવે પર અચાનક કથિત સોર્ટસર્કિટથી આગ લાગી હતી. જેથી અફડાતફડીનો માહોલ સર્જાયો હતો. સદનસીબે આ ગાડીમાં સવાર દર્દી, ચાલક તેમજ અન્ય વ્યક્તિઓ તુરત બહાર નીકળી જતાં તેઓનો બચાવ થયો હતો. દરમિયાન દર્દીને અન્ય વાહનમાં મહેસાણા હોસ્પિટલમાં ખસેડાયા હતા. આ ઘટનાને લીધે હાઈવે પર ટ્રાફિક જામ થઈ ગયો હતો.

આ બનાવ અંગે ઉનાવા પોલીસે ઘટનાસ્થળે જઈ કાયદેસરની કાર્યવાહી કરી હતી.

## મેઘરજના રમાડ ગામે શ્રમદાનથી બનેલ

# ચેકડેમ ઓવરફ્લો થતા મહેનત રંગ લાવી

મેઘરજ, તા.૨૬

મેઘરજ તાલુકાના રમાડ ગામે પસાર થતી વાત્રક નદી પર ગ્રામજનોએ ઉનાળામાં પાણીની તંગી નિવારી શકાય તથા ગ્રામજનોએ પીવાના પાણી માટે અને પશુઓ માટે પાણી મેળવવા કરવો પડતો રઝળપાટ પગલે જવાબદાર તંત્રના વારંવાર રજુઆત કરવા છતાં ચેકડેમ બનાવવા માટે આંખ આડે કામ કરતા ગામલોકોએ સરકાર પર નિર્ભર રહેવાના બદલે જાત મહેનત જિંદાબાદ ના નારા સાથે ૨૧ જૂન ૨૦૧૮ થી શ્રમદાન થકી વિવિધ સેવાકીય સંસ્થાઓની મદદ થી ચેકડેમ નિર્માણનું કાર્ય શરુ કરતા સરકારી તંત્ર હરકતમાં આવ્યું હતુ મદદ કરવાને બદલે વાંધા રજુ કરવા છતાં લોકોએ ચેકડેમ બનાવવું ચાલુ રાખી હતી પરંતુ ઉપરવાસમાં વરસાદના પગલે ચેકડેમમાં ભંગાણ સર્જાયા બાદ પણ ગ્રામજનોએ હિમ્મત હાર્યા વગર ચેકડેમ નું કામકાજ ચાલુ રાખી અનેક માનવીય અને કુદરતી અડચણોને ખાળવામાં સફળ રહી ચેકડેમનું કામકાજ પૂર્ણ કરતા છેલ્લા ૫ દિવસ થી મેઘરજ પંથકમાં પડતા વરસાદના પગલે ચેકડેમમાં પાણી ભરાવાની સાથે ઓવરફ્લો થતા ગામલોકો માં આંનદ છવાયો હતો અને શ્રમદાન થકી બનેલ ચેકડેમ પાણી થી છલોછલ રહેતા શિયાળા અને આકરા ઉનાળામાં ગામલોકો અને પશુઓને પાણીની તંગી નિવારવામાં માટે ઉપયોગી સાબિત થશેનું ગામ લોકોએ જણાવી આખરે મહેનત રંગ લાવી હોવાનું જણાવ્યું હતું ગામલોકોએ ભાજપ સરકાર ની બેધારી નીતિ અને વિપક્ષ સાથે રહેલા લોકોએ પણ મદદ ન કરતા લોકોમાં ભારે રોષ પણ ઠાલવ્યો હતો.



# મોડાસામાં રક્ષાબંધન પર્વે સબજેલમાં કરૂણ દશ્યો સર્જાયા

મોડાસા, તા. ૨૬

ભાઈ-બહેનનો પવિત્ર તહેવાર રક્ષાબંધન જ્યારે આવે ત્યારે બહેન દેશના ગમે તે રાજ્યમાં રહેતી હોય તો પણ તેના વીરાને રાખડી બાંધવા માટે ઘરે પહોંચી જતી હોય છે.પણ જો કોઈ વ્યક્તિ જેલમાં હોય તો શું....? પણ રાજ્યની તમામ જેલોમાં પણ રક્ષાબંધનની ઉલ્લાસપૂર્વક ઉજવણી કરવામાં આવે છે.



મોડાસાની સબ જેલમાં પણ રક્ષાબંધનની ઉજવણી કરવામાં આવી હતી, જે કરૂણ દ્રશ્યો સર્જાયા હતા.ભાઈની રક્ષા માટે બાંધવા પહોંચેલી બહેન ભાઈને જોતા જ તેમની આંખોમાં હરખના આંસુ સરી પડ્યા હતા.બહેને તેમની રક્ષા અને જલદીથી ઘરે પરત ફરે તેવી પ્રાર્થના કરી ભાઈને રાખડી બાંધી હતી જેલ પ્રશાસન દ્વારા રક્ષાબંધનના તહેવારની ઉજવણી માટે ખાસ તૈયારીઓ પણ કરવામાં આવી હતી.આ પહેલા પણ જિલ્લાના વિવિધ સામાજિક સંસ્થાઓ દ્વારા પણ જેલના કેદીઓને રાખડીઓ બાંધવામાં આવી હતી. ઓમ શાંતિ સ્વાધ્યાય પરિવાર દ્વારા જેલના કેદીઓ અને જેલના અધિકારીઓને રાખડી બાંધી ભાઈ-બહેનના પવિત્ર તહેવારની ઉજવણી કરી હતી.

# અરવલ્લી જિલ્લામાં રક્ષાબંધનની શ્રધ્ધાભેર ઉજવણી

## નારિયેળી પૂનમે પૂજા-અર્ચના સાથે બ્રાહ્મણોએ સમૂહમાં જનોઈ બદલી

મોડાસા, તા. ૨૬

પવિત્ર શ્રાવણ માસની શરૂઆત થતાં જ તહેવારોના કારણે વાતાવરણ ભક્તિમય બની જાય છે આ માસમાં આવતા તહેવારોનું ઘણું મહત્વ રહ્યું છે જેમાં ભાઈ-બહેન ના પવિત્ર પ્રેમનો તહેવાર એટલે રક્ષાબંધનનું અનોખું મહત્વ છે બહેન ભાઈ ઉપર કોઈ સંકટ ન આવે તેના રક્ષણ માટે રાખડી બાંધીને પ્રાર્થના કરે છે ભાઈ-બહેનના પવિત્ર પ્રેમના પ્રતીક સમાન રક્ષાબંધન પર્વની અરવલ્લી જીલ્લા સહીત મોડાસા શહેરમાં ધામધૂમ પૂર્વક ઉલ્લાસભેર ઉજવણી કરવામાં આવી હતી બહેનોએ શુભમુહર્તમાં પોતાના લાડકવાયા ભાઈઓના હાથે રાખડી બાંધી તેમની સુખ સમૃદ્ધિ માટે પ્રાર્થના કરી હતી





રક્ષાબંધનના તહેવારને લઈ વહેલી સવારથી જ અબાલ વૃદ્ધ સૌ કોઈમાં આનંદ ઉલ્લાસ જોવા મળ્યો હતો બહેનોએ ભાઈઓ માટે બજાર માં મળતી અવનવી યથાશકિત મુજબ રાખડીઓ ખરીદી હતી બાળકોમાં લાઈટ અને કાર્ટૂનવાળી રાખડી આકર્ષણનું કેન્દ્ર બની હતી શુભમુહર્તમાં બહેનોએ ભાઈઓને કુમકુમ તિલક કરી મોં મીઠું કરાવી રાખડી બાંધી હતું ત્યારબાદ ભાઈ પત્નીને પણ નણંદોએ રાખડી બાંધી હતી રક્ષાબંધનમાં કેટલાક મુસ્લિમ ભાઈઓના ઘરે હિન્દૂ બહેનો અને મુસ્લિમ બહેનોએ હિન્દૂ ભાઈઓને ત્યાં રાખડી લઈ રક્ષાબંધનની ભાવપૂર્વક ઉજવણી થતા કોમી એકતાના દ્રશ્યો જોવા મળ્યા હતા.

શ્રાવણ માસની નારિયેળી પૂનમ બ્રાહ્મણો માટે અનેરૂ મહત્વ ધરાવે છે અને જનોઈ બદલાતા હોય છે મોડાસાના ઓધારી મંદિર ખાતે રક્ષાબંધનના પવિત્ર દિવસે બ્રાહ્મણોએ સમૂહમાં જનોઈ બદલવાની વિધિ યોજી હતી જેમાં મોટી સંખ્યામાં બ્રાહ્મણોએ પોતાની જનોઈ પવિત્ર શ્લોક ઉચ્ચારણ અને પૂજા અર્ચન સાથે નવી જનોઈ ધારણ કરી હતી સમૂહ જનોઈ બદલવાની વિધિ બ્રહ્મશક્તિ ગ્રુપ એકલંજી મિત્ર મંડળ દ્વારા યોજી હતી જેમાં મોટી સંખ્યામાં મોડાસા સહીત જીલ્લાના બ્રાહ્મણો જોડાયા હતા.

# ખેડબ્રહ્મા અંબાજી મંદિરે નારીયેળી પૂર્ણિમાએ ભક્તોનું ઘોડાપૂર ઉમટયુ

ખેડબ્રહ્મા, તા.૨૬



નાનાં અંબાજી તરીકે ઓળખાતા યાત્રાધામ ખેડબ્રહ્મામાં નારીયેળી પૂનમે માં અંબાના દર્શન કરવા મોટી સંખ્યામાં ભક્તો ઉમટી પડ્યા હતા.

ખેડબ્રહ્મા સ્થિત અંબિકા માતાજીના દર્શન કરવા માટે વહેલી સવારથી અમદાવાદ, વડોદરા, મહેસાણા, મોડાસા અને રાજસ્થાનથી મોટી સંખ્યામા ભક્તો ઉમટી પડ્યા હતા.

પૂનમે માતાજીના દર્શન કરી ધન્યતા અનુભવી હતી મંદિર પરિસરમાં માં જાણે કીડીયારું ઉભરાયું હોય તેવો નજારો દેખાવા મળ્યો હતો અંદાજે ૧ લાખ યાત્રાળુઓ એ દર્શનનો લાભ લીધો હતો. પૂનમેમાં અંબાને કમલ સવારી પર દર્શન કરી ભક્તો ધન્યતા અનુભવતા હતા.



તલોદમાં રક્ષાબંધન ત્યોહાર ભાઈને બહેન સુરતના તાંતણે બાંધી કંકુ-તિલક કરી લાંબી આયુના આશીર્વાદ મેળવી ભેટસોગાદનો સ્વિકાર કરી જીવનભર બહેનની રક્ષા માટે કટિબદ્ધ રહેવાની ખાતરી આપતા આજનો ત્યોહાર ભાઈચારા અને એકતાના પ્રતિક સ્વરૂપે હિન્દુ-મુસ્લીમ ભાઈ અને બહેન માનવતા ધર્મને મજબૂત કરવા અનોખો પ્રયાસ કરી ધર્મના ભાઈ બહેન તરીકે ભેટસોગાદ આપી કાયમી રક્ષા કરવાની ખાતરી આપતા ઉલ્લાસભેર ઉજવવામાં આવ્યો હતો.

# પ્રાંતિજ સહિત તાલુકામાં રક્ષાબંધન પર્વની ધામધૂમથી ઉજવણી કરાઈ

## વર્ષો થી ચાલી આવતી પરંપરા યંત્ર યુગમાં પણ યથાવત : બહેનો ભાઇ ને રાખડી બાંધી ભાઇના આયુષ્ય માટે દુઆ કરે છે

પ્રાંતિજ તા.૨૬

સાબરકાંઠા જિલ્લા સહિત પ્રાંતિજ તાલુકામાં પણ રક્ષા બંધન ના પવિત્ર પર્વની ધરે ધરે ધામધુમથી ઉજવણી કરવામાં આવી હતી તો બહેનો દ્વારા પોતાના ભાઈના આયુષ્ય માટે કપાળે તીલક કરી મોઢુ મીઠુ કરાવી ને જમણા હાથમાં રાખડી બાંધી હતી.

ભારતીય સંસ્કૃતિ માં અનેક તહેવારો આવે છે જેમાં રક્ષા બંધન નો પવિત્ર પર્વ એ વિશેષ ગણવામાં આવે છે તો રક્ષા બંધન પર્વ ને લઈને જીલ્લા સહિત તાલુકામાં બહેનો દ્વારા પોતાના લાડકવાયા ભાઈઓના આયુષ્ય તથા ભાઈ સુખી સમપતી પ્રાપ્ત કરે તેવા આશીર્વાદ સાથે બહેનો દ્વારા પોતાના ભાઈઓને જમણા હાથ ઉપર રાખડી ના પ્રતિક રૂપે રક્ષા પોટલી બાંધવામાં આવેછે અને ભગવાન પાસે તેના ભાઈ નુ આયુષ્ય સાથે ધન થી તથા તેના ભાઈ નો પરીવાર હળ્યો ભર્યો રહે તેવી ભગવાન પાસે બહેનો પ્રાર્થના કરે છે તો ભાઈ ઓ પણ પોતાના મૃત્યુ સુધી બહેન ની રક્ષા કરવાનું વચન આપતા હોય છે ત્યારે પહેલાં



ના જમાનામાં સાડીના ટુકડા માંથી શરૂઆત થયેલ રક્ષા આજે યંત્ર યુગ માં ફેન્સી રાખડી ઓ સુધી પહોચી છે પણ સાડી નો ટુકડો હોય કે આજ ની આધુનિક રાખડી પણ ભાઈ બહેન ના સબંધો તો તેટલા જ ધનીષ્ઠ છે તેમાં કોઈ ફરક પડયો નથી માત્ર યંત્ર યુગ પ્રમાણે રાખડીઓ બદલાતી રહે છે પણ ભાઈ બહેનો પવિત્ર સંબધ આજે પણ અંકબંધ છે અને નાનાથી મોટી ઉમર ના સોર્વકોઈ પવિત્ર રક્ષા બંધન નો તહેવાર મનાવે છે અને બહેનો રાખડી બાંધી ને ભગવાન પાસે ભાઈ સુખ ની માગણી કરે તો બ્રાહ્મણો દ્વારા આજનો દિવસ પવિત્ર દિવસ હોવાથી શુભ મુહૂર્તમાં આજે જનોઈ બદલવામા આવે છે. ત્યારે યંત્ર યુગમાં પણ પવિત્ર રક્ષા બંધનના પર્વ ની આજે પણ ધામધુમથી ઉજવણી થઈ.

# મોડાસામાં દીકરીએ વૃક્ષને રાખડી બાંધી રક્ષાબંધનની ઉજવણી કરી



વૃક્ષ વાવો પર્યાવરણ બચાવો ના નારા ને સાર્થક કરતી આયુષી જોશીએ તેના પર્યાવરણ પ્રત્યેના પ્રેમને લઈ રક્ષાબંધનના દિવસે વૃક્ષને રાખડી બાંધી રક્ષાબંધન ની અનોખી ઉજવણી કરી હતી આ નાની દીકરીના પર્યાવરણ પ્રેમ જોઈ તેના ભાઈઓ પણ વૃક્ષ વાવવા અને વૃક્ષ બચાવવો અભિયાનમાં જોડાયા હતા.

# પ્રાંતિજ ખાતે અનાથ બાળકોને ભોજન તથા ભેટ આપવામાં આવી

## ટેસ્ટી ભોજન સાથે ગ્રીફટ મળતાં બાળકોના ચહેરા ઉપર સ્મિત જોવાં મળ્યું



પ્રાંતિજ તા.૨૬

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ના ગળતેશ્વર ખાતે આવેલ અંબર્ટો સિરામીકસ ઈન્ટરનેશનલ પ્રા.લી.કંપની દ્વારા કંપની ના સ્વર્ગસ્થ કપુરચંદ મલેસા ની પુન્ય તીથી તથા રક્ષા બંધનના પવિત્ર પર્વ ને લઈને અનાથ આશ્રમ ના બાળકો ને ભોજન તથા ગ્રીફટ આપવામાં આવી.

પ્રાંતિજ તાલુકાના ગળતેશ્વર ખાતે આવેલ અંબર્ટો સિરામિકસ ઈન્ટર નેશનલ પ્રા.લી.કંપની દ્વારા પ્રાંતિજ રેલ્વે સ્ટેશન વિસ્તારમાં આવેલઆઈ.પી.મિશન માં આવેલ અનાથ આશ્રમ ના અનાથ બાળકો ને સ્થળ ઉપર જઈને ભોજન સાથે ગ્રીફટ આપવામાં આવી હતી તો આ પ્રસંગે ધમેન્દ્ર જાની (પ્રેસીડેન્ટ), વિનય કુંભત (સી.એફ.ઓ), ટી.કે.દાસ (જી.એમ.કોર્પોરેટ એચ.આર), આર.કે.દાસ (ડીજી એમ.એચ.આર), વિશ્વેશ્વર ગોસ્વામી સહિત ઉપસ્થિત રહીને બાળકો ને જાતે ભોજન પીરસ્યું હતું તો અનાથ આશ્રમ ના બાળકો ભોજન સાથે ગ્રીફટ મળતાં તેમના ચહેરા ઉપર સ્મિત જોવા મળ્યુ હતું.

# મોડાસા રૂરલ પોલીસે ઈટાડી નજીક કારનો ફિલ્મી ઢબે પીછો કરી ૮૪૮૦૦ રૂપિયાનો વિદેશી દારૂ ઝડપ્યો

મોડાસા, તા. ૨૫

મોડાસા તાલુકાના કિશોરપુરા ચોકડી નજીક મોડાસા સર્કલ પી.આઈ. દરજી અને મોડાસા રૂરલ પોલીસ સ્ટેશનના પીએસઆઈ જાડેજાએ તેમની ટીમ સાથે વાહનોનું સઘન ચેકીંગ હાથ ધરતા પોલીસ ચેકીંગ જોઈ ફોર્ડ ફ્યુઝન કારના ચાલકે નાસવાનો પ્રયત્ન કરતા બંને પોલીસ ટીમે કારનો પીછો કરતા ફિલ્મી દ્રશ્યો સર્જાયા હતા.






કારનો ચાલક કાર ઈટાડી ગામની સીમમાં કાર મૂકી ફરાર થઈ ગયો હતો. ફોર્ડ ફ્યુઝન કાર (ગાડી.નં-આરજે. ૨૭. સીબી. ૦૩૨૫)માં તલાસી લેતા કારમાંથી ગેરકાયદેસર વગર પાસ પરમીટની વિદેશી દારૂની ૨૧૨ બોટલ કિં. રૂ. ૮૪૮૦૦ મળી આવી હતી. કારની કીં. રૂ. ૩૦૦૦૦૦ મળી કુલ રૂ.૩૮૪૮૦૦નો મુદ્દામાલ જપ્ત કરી મોડાસા રૂરલ પોલીસ અજાણ્યા કાર ચાલક સહીત અન્ય એક ફરાર સખ્શ વિરુદ્ધ પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.